આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૨૯ | ૨ નવેમ્બર, ૨૦૧૪, રવિવાર ; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

અપેક્ષા રાખી રાખીને અપેક્ષાઓનો મોટો ફેલાવો થઇ ગયો છે એ ખોટો ફેલાવો જ સાક્ષાત પીડા બની ગયો છે

- જ્ઞાનસૂત્ર

# સિવીલ હોસ્પિટલના ઓ.પી.ડી. સંકુલનો આગામી સપ્તાહથી આરંભ

## નવા ઓ.પી.ડી. સંકુલમાં પ્રથમ ત્રણ વિભાગો કાર્યરત કરાશે

## હોસ્પિટલના નવા સંકુલમાં ચાર નવા વોર્ડ કાર્યરત કરાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવીલ હોસ્પિટલના નવા ઓ.પી.ડી. સંકુલને આ સપ્તાહના અંતથી કાર્યરત કરી દેવામાં આવશે. સિવીલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. સૌયદના જણાવ્યાનુસાર ગાંધીનગર સિવીલ હોસ્પિટલના આધુનિકરણની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં નવા ઓ.પી.ડી. સંકુલને કાર્યરત કર્યા બાદ નવા હોસ્પિટલ સંકુલમાં જે કબ્જો મળેથી ૧૫૦ પથારીની સુવિધા સાથે ત્યાં પણ તબીબી સેવાઓ કાર્યરત કરવામાં આવશે.

નવા હોસ્પિટલ સંકુલમાં પહેલા ચાર વોર્ડ નવા બનાવવામાં આવશે. જેમાં મેડીસીન, સ્કીન, સાકીયાટ્રીક અને ટી.બી. વોર્ડનો સમાવેશ થાય છે.

તેમણે ગાંધીનગર સમાચાર સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ઓ.પી.ડી.માં હાલ ઓર્થોપેડીક, ગાયનેક અને પિડીયાટ્રીકની સેવાઓ શરૂ કરવામાં આવશે. જે આ સપ્તાહના અંત સુધીમાં શરુ કરવા માટેનું આયોજન છે ને તે દિશામાં પૂરજોશથી કામગીરી ચાલી રહી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંકુલના નિર્માણની સાથે સાથે ગાંધીનગર સિવીલ હોસ્પિટલના આધુનિકરણનો પ્રોજેકટ પણ હાથ ધરવામાં આવ્યો છે. હોસ્પિટલ સંકુલ માટે નવ માળનું બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે. હવે તેને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે નવા સંકુલનો તબક્કાવાર કબ્જો સિવીલ સત્તાવાળાઓને સુપ્રત કરવામાં આવશે અને તબક્કાવાર સિવીલની સેવાઓ ત્યાં સ્થળાંતરિત કરવામાં આવશે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલના આધુનિકરણની સાથે સાથે અદ્યતન સુવિધાઓથી પણ સજ્જ કરવામાં આવશે. આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગાંધીનગર સિવીલ હોસ્પિટલને એક હજાર પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલ બનાવવાનું આયોજન છે અને તે આગામી ત્રણ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં હાલ ૩૦૦ પથારીની

● અનુસંધાન પાન-૭ પર





જયો જયો મા-જગદંબે - સહસ્ત્રચંડી મહાયાગના સમાપન પર્વે અંબાજી સ્થિત 'ચુંદડીવાળા માતાજી' શ્રીફળ હોમવાની પાવન પર્વે ઉપસ્થિત રહી ભાવિકોની શ્રદ્ધાને પ્રબળ બનાવી... સેકટર-૧૩, શક્તિચોક ખાતે છેલ્લા સાત દિવથી આયોજીત સહસ્ત્રચંડી મહાયાગ આજે ભાવપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. સેંકડો ભાવિકોની આંખમાંથી અશ્રુધારા વહેતી હતી. શ્રદ્ધા જીવનનું અમોઘ શસ્ત્ર છે... અને માનવ જીવનમાં પરમ તત્વ પરત્વેની શ્રદ્ધા આધારસ્થંભ છે... શક્તિની ઉપાસના દ્વારા ઉર્જા પ્રાપ્તિનો સહજ માર્ગ ભારતીય સંસ્કૃતિમાં કંડારાયો છે... ૨૫-૨૫ વર્ષથી ગાંધીનગર થી અંબાજી પદયાત્રાએ જતા ભાવિકો સાથે મળી રચેલ જયઅંબે પરિવારે રજતજયંતિ મહોત્સવ ઉજવ્યો અને માતાજીના ગુણાનુવાદમાં સૌ નગરજનોને જોડવાનો અવસર ઉભો કર્યો... આધ્યાત્મિક ચેતન પ્રગટાવવા અને પ્રસરાવવાના નિમિત્ત સમા સહસ્ત્રચંડી મહાયાગથી સમગ્ર શહેરનું વાતાવરણ ઉર્જામય અને દષ્ટિવંત બનશે એવી પ્રાર્થના સૌની આંખોમાં અભિવ્યક્ત થતી હતી....

# તાલુકા પંચાયતના કર્મચારીઓની હાજરી બાયોમેટ્રીક પદ્ધતિથી પુરાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર તાલુકા પંચાયતમાં કર્મચારીઓની હવેથી બાયોમેટ્રીક પદ્ધતિથી હાજરી પુરવામાં આવશે. આ માટેના મશીનો ઈન્સ્ટોલ પણ કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકા પંચાયત હાલ એમ.એસ. બિલ્ડીંગમાં કાર્યરત છે. પંચાયતમાં કર્મચારીઓની હાજરી માટે બાયોમેટ્રીક પદ્ધતિ દાખલ કરવાનો નિર્ણય અગાઉ લેવામાં આવ્યો હતો.

હવે કર્મચારીઓએ કચેરીમાં આવતાં જ તેમના જમણા હાથનો અંગુઠો આ બાયોમેટ્રીકના મશીન પર મુકતાં જ તેની હાજરી અને સમયની આપોઆપ નોંધણી થઈ જશે.

ગાંધીનગર તાલુકા પંચાયત હાજરી માટે બાયોમેટ્રીક પદ્ધતિ અમલમાં મુકનાર પ્રથમ જિલ્લાકક્ષાની કચેરી બની છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પણ આવી પ્રથા અમલી બનાવવાની દિશામાં વિચારણા ચાલી રહી હોવાનું પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# જિલ્લામાં વીસ તલાટીઓની બદલીના હુકમો કરાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તલાટી સંવર્ગના વીસથી વધુ કર્મચારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

પ્રતિનિયુક્તીથી ફરજો બજાવતા ૨૦ જેટલા તલાટીઓને તેમના મૂળ જિલ્લામાં ફરજ માટે પરત મોકલવામાં આવતાં આ બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં તલાટી સંવર્ગની ૪૭ જગ્યાઓ ખાલી છે અને ૨૦ની ઘટ ઉભી થતાં તલાટીઓની ભારે ખેંચ જિલ્લા તંત્ર માટે ઉભી થવા પામી છે. ૬૭ તલાટીઓની ઘટ છે. ૩૦૦ ગામો ધરાવતા જિલ્લામાં હાલ તલાટીઓ પાસે એક કરતા વધુ સેજાના ચાર્જ આવતાં તેમના કાર્યભારણમાં વધારો થયો છે.

# બેંક ઓફ બરોડાની ઉનાવા શાખામાં તસ્કર ટોળકી ત્રાટકી

## બારીની ગ્રીલ તોડીને સ્ટ્રોંગરૂમ સુધી પહોંચી ગયેલા ચોરો કેશ ન ઉઠાવી શકતાં કેમેરાઓની તોડફોડ કરી : કેશ હાથમાં ન આવતા અંતે કેમેરા રેકોર્ડીંગ બોક્સ ઉઠાવી સુરાગ લઈ ગયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક ઉનાવા ગામમાં સ્થિત બેંક ઓફ બરોડાની શાખાને ગઈ મધ્યરાત્રીએ તસ્કર



ટોળકીએ નિશાન બનાવ્યું હતું. બેંકની બારીની ગ્રીલ તોડીને તસ્કરો છેક સ્ટ્રોંગ રૂમ સુધી પહોંચી ગયા પરંતુ કેશ સુદી પહોંચવુ તેમના માટે અશક્ય લાગતા અંતે તસ્કરો કેશ ઉપાડ્યા વગર બેંકની બહાર નીકળી ગયા હતા. જો કે જતાં જતા ચાલાક ચોરો બેંકના ૯ સીસીટીવી કેમેરા તોડીને કેમેરાનું રેકોર્ડીંગ જ્યાં સ્ટોર થાય તે આખુ ડીવીઆર બોક્સ જ ઉઠાવી ગયા હતા. તસ્કરોએ કોઈ સુરાગ છોડ્યો નથી. પેથાપુર પોલીસે બેંક મેનેજરની ફરીયાદ લઈને ગુનાની ઊંડી તપાસ આરંભી છે.

બેંક ઓફ બરોડાની ઉનાવા ગામમાં સ્થિત શાખામાં ગઈ રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા. બેંકની બારીની ગ્રીલ તોડીને તસ્કરો બેંકની અંદર ઘુસી ગયા હતા અને સ્ટ્રોંગ રૂમ તોડવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેમાં નિષ્ફળ જતાં તસ્કરો કેશ ચોરી શક્યા ન હતા. જો કે તસ્કરો બેંકમાં લગાડેલા ૯ જેટલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા. ચબરાક તસ્કરોએ જતા-જતાં તમામ સીસીટીવી કેમેરા તોડી નાંખ્યા હતા અને ફુટેજ જેમાં સ્ટોર થાય તે રૂ. ૨૫ હજારની કિંમતનું ડીવીઆર બોક્સ ઉઠાવી ગયા હતા. ડીવીઆર ચોરી જતા હવે પોલીસ પાસે તસ્કરો સુધી



પહોંચવાનો રસ્તો કઠીન બની ગયો છે. પેથાપુર પોલીસને બેંકે મેનેજર ભરતભાઈ ભોગીલાલ ધાનેરાએ જાણ કરી ફરીયાદ આપતા પીએસઆઈ એસ.જે. વાઘેલાએ ડૉગ સ્કવોર્ડ અને એફએસએલ ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત બોલાવી તપાસ શરૂ કરી છે.

# તાના-રીરી સંગીત મહોત્સવનો શુભારંભ

## વડનગર ખાતે મુખ્યમંત્રી આનંદીબેનના હસ્તે મહોત્સવનો શુભારંભ : શહેરની સરકારી ઈમારતો અને માર્ગો રોશનીમય બન્યા : અનેક પ્રધાનોની ઉપસ્થિતિ : રાજ્યભરના સંગીત પ્રેમીઓ મોટી સંખ્યામાં સમારોહમાં ઉપસ્થિત રહ્યા

વડનગર, તા.૧

વડનગરના આંગણે આજથી બે દિવસીય તાના-રીરી સંગીત મહોત્સવનું મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે સમગ્ર શહેર રોશનીથી ઝગમગી ઉઠ્યું છે.

વડનગરમાં દર વર્ષે તાના-રીરીની યાદીમાં યોજાતા સંગીત મહોત્સવનું આજે સાંજે ૫ વાગ્યે મુખ્યમંત્રીના હસ્તે ઉદઘાટન કર્યું હતું. મહોત્સવને લઈને તંત્ર તેમજ પોલીસ દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ અપાયો હતો. પ્રથમ દિવસે મુખ્યમંત્રી ઉપરાંત આરોગ્યમંત્રી નિતીન પટેલ, રજનીભાઈ પટેલ,



નાનુભાઈ વાનાણી તેમજ સાંસ્કૃતિક વિભાગના અધ્યક્ષ યોગેશ ગઢવી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી હાજર રહેવાના હોઈ પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. તાના-રીરી મહોત્સવને પગલે નગરના પ્રવેશ દ્વાર તથા સરકારી સંકુલો સહિત નગરના વિવિધ વિસ્તારોમાં રોશની કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ એનાયત કરાયા હતા. આ કાર્યક્રમમાં નામાંકીત કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

આજે સાંજે ડો. તેજલ પાઠક તેમજ સ્વર યોગિની ડો. પ્રભા અત્રે સહિત ઉપસ્થિત રહ્યા હતા તેમજ મોનિકાબેન શાહ, આરાધના વૃંદ, કૌશર હાજી, માલિની પરેશ નાયક, નિશા કાપડીયા અને વૃંદ સહિતના કલાકારો સંગીતના સુર રેલાવી લોકોને મુગ્ધ કર્યા હતા. તાના-રીરી સંગીત ઉત્સવને લઈને છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. વડનગરમાં આને લઈને ભાજપના કાર્યકરો વ્યસ્ત પણ બનેલા હતા. બીજી બાજુ કોઈપણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે પગલા લેવાયા હતા. આજે આના ઉદ્‌ઘાટનને લઈને સામાન્ય લોકોને તકલીફ ન પડે તે માટે ટ્રાફિક વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યા હતા.

**વેચવાનો છે**

ચૈતન્ય સ્કૂલની બાજુમાં ૧૦૦ વારમાં 2 BHK બંગ્લોઝ ૧૬-૦૦ લાખમાં વેચવાનો છે. પઝેશન ૮-૧૦ મહિનામાં ૧૦૦% લોનપેપર ઉપલબ્ધ, પેમેન્ટ ચેકથી લેવામાં આવશે.

સંપર્ક : અરવિંદસિંહ : ૭૦૪૬૭ ૦૧૪૯૦

અમરસિંહ : ૯૮૨૪૨ ૬૧૦૩૨

**ગાંધીનગર માટે**

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...

YOUR OWN Resort

૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ



નિરવતાનો રવ...

week-end home

bansari Greens

ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ

ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

**હાર્દિક શુભેચ્છા**



**મીનાબેન કે. વાઘેલા અમેરિકાના પ્રવાસે ગયેલ હોઈ હાર્દિક શુભેચ્છા સાથે અભિનંદન**

ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રથમ કાઉન્સીલર અને ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતી મીનાબેન કે. વાઘેલા ન્યૂયોર્ક, અમેરિકાના પ્રવાસે તા. ૧/૧૧/૨૦૧૪ થી તા. ૫/૧૨/૨૦૧૪ સુધીના સમયગાળા માટે અમેરિકાના પ્રવાસે ગયેલ હોઈ જે બદલ અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ તેમજ હાર્દિક શુભકામનાઓ સહ ખુબ-ખુબ અભિનંદન પાઠવીએ છીએ...

**શુભેચ્છકો**

| | |
|---|---|
| શ્રી કનુભાઈ એ. વાઘેલા | શ્રી ચતુરભાઈ જી. તલવાડી |
| શ્રી ઋષિરાજ કે. બજાજ | શ્રી પી. એમ. વાઘેલા |
| ગં.સ્વ. રૂખીબા એ. વાઘેલા | શ્રી બાબુભાઈ બી. સોલંકી |
| શ્રી મનોજ એ. વાઘેલા | શ્રી મહેશભાઈ જે. ચૌહાણ |
| શ્રીમતી પારૂલબેન એમ. વાઘેલા | શ્રી અશોકભાઈ સી. ચૌહાણ |
| શ્રી જતિન એમ. વાઘેલા | શ્રી જેશલભાઈ સી. ગોહિલ |
| શ્રી સોનું એમ. વાઘેલા | શ્રી જગદીશભાઈ કે. ધોરીયા |
| શ્રી કૌશિકભાઈ બી. ઉપાધ્યાય | જેમીની પી. મેકવાન |
| શ્રીમતી રીટાબેન કે. ઉપાધ્યાય | શ્રી ગુણવંતભાઈ બી. પટેલ |
| શ્રી ઓમપ્રસાદ ઉપાધ્યાય | શ્રી હસમુખભાઈ ઠક્કર |
| શ્રીમતી હીનાબેન ઉપાધ્યાય | પ્રફુલ પી. શ્રીમાળી |

સર્વ નગરજનોને દિવાળીની શુભકામનાઓ સહ.... નૂતન વર્ષાભિનંદન

**લક્ષ્મી બેકરીના પ્રખ્યાત**

બિસ્કીટ અને શુદ્ધ માવાની મીઠાઈઓ તેમજ ચટપટા નવાનવા નમકીન મળશે. અને મઠીયા, ચોળાફળી, મુખવાસ મળશે.

**લક્ષ્મી બેકરી એન્ડ ફરસાણ હાઉસ**

શોપીંગ સેન્ટર, સેક્ટર-૭, ગાંધીનગર

હવે કુડાસણમાં લક્ષ્મી બેકરીની નવી બ્રાન્ચ

**લક્ષ્મી સ્વીટ્સ એન્ડ બેકરી**

શોપ નં. સી-૨૧, જય યોગેશ્વર કોમ્પલેક્ષ, કુડાસણ, સીટી પ્લસની બાજુમાં સર્વીસ રોડ પર,